For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બરોડા ડેરીની સત્તાનો સંગ્રામ: હાઈકોર્ટે લોકશાહી બચાવી, નેતાઓના 'વહીવટદાર' રાજ પર બ્રેક!

# બરોડા ડેરીની ચૂંટણી 18 માર્ચે

**18 માર્ચે** મતદાન અને તે જ દિવસે ફેંસલો; સહકારી ક્ષેત્રના માંધાતાઓ મેદાનમાં ઉતરે તેવી શક્યતા

**આજે** સત્તાવાર જાહેરનામું બહાર પડે તેવી શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.6

લાંબા સમયથી વિવાદો અને કાયદાકીય ગૂંચવણોમાં અટવાયેલી વડોદરાની પ્રતિષ્ઠિત સંસ્થા 'વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ' ની ચૂંટણી આખરે જાહેર થઈ છે. ગુજરાત હાઈકોર્ટના કડક વલણ અને આદેશ બાદ તંત્ર દ્વારા આગામી 18 માર્ચના રોજ મતદાન યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગેનું સત્તાવાર જાહેરનામું શનિવારે બહાર પડવાની પૂરેપૂરી શક્યતા છે.

બરોડા ડેરીના વર્તમાન બોર્ડની મુદત પૂરી થયાને દોઢ મહિનો વીતી ગયો હોવા છતાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં ન આવતા મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. આ વિલંબને પગલે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી અને વડોદરાના કલેક્ટર અનિલ ધામેલિયા સહિત પાંચ ઉચ્ચ અધિકારીઓને કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું હતું. કોર્ટની આ કડકાઈ બાદ ચૂંટણી તંત્ર સફાળું જાગ્યું છે અને આખો કાર્યક્રમ જાહેર કર્યો છે. જાહેર થયેલા કાર્યક્રમ મુજબ, ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા 21 ફેબ્રુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી ચાલશે. ત્યારબાદ 7 માર્ચના રોજ ફોર્મની ચકાસણી કરવામાં આવશે. જે ઉમેદવારોએ પોતાનું નામ પરત ખેંચવું હોય તેઓ 2 અને 3 માર્ચના રોજ ફોર્મ પાછા ખેંચી શકશે. આખરી જંગનું ચિત્ર 7 માર્ચ પછી સ્પષ્ટ થશે. 18 માર્ચના રોજ મતદાન અને ત્યારબાદ મતગણતરી હાથ ધરાશે.

ચૂંટણીની તારીખો જાહેર થતા જ વડોદરા જિલ્લાના સહકારી અને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ધારાસભ્યો અને સ્થાનિક નેતાઓના હિતો આ ચૂંટણી સાથે જોડાયેલા હોવાથી અનેક પેનલો મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. ખાસ કરીને ડેરીમાં વહીવટદાર મૂકવાની અટકળો પર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે અને લોકશાહી ઢબે ચૂંટણી યોજાવા જઈ રહી છે.

| 21-26 ફેબ્રુઆરી | 02-03 માર્ચ | 07 માર્ચ | 18 માર્ચ |
|---|---|---|---|
| ઉમેદવારી ફોર્મ ભરવાની તારીખ | ફોર્મ પરત ખેંચવાની મુદત | ફોર્મની ચકાસણી અને અંતિમ યાદી | મતદાન અને પરિણામ |




**'વહીવટદાર' મૂકવાના મનસૂબા પર પાણી ફેરવાયું!**

બરોડા ડેરીમાં પોતાની સત્તા જમાવવા ઈચ્છતા કેટલાક સ્થાનિક નેતાઓ અને ધારાસભ્યો ડેરીમાં 'વહીવટદાર' ની નિમણૂક થાય તેવા પ્રયાસો કરી રહ્યા હોવાની ચર્ચા હતી. એવી યોજના ઘડાઈ હતી કે ચૂંટણી મોકૂફ રાખી પેટા-નિયમોમાં સુધારા કરવામાં આવે. પરંતુ હાઈકોર્ટે 18 માર્ચ પહેલા ચૂંટણી પૂર્ણ કરવાનો આદેશ આપી આ તમામ રાજકીય ખેલ ઊંધા પાડી દીધા છે. હવે સત્તાનો ફેંસલો સીધો મતના ડબ્બામાંથી જ થશે.

મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ 17 ફેબ્રુઆરીએ થઈ શકે

# વડોદરા મહાપાલિકા સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણી એપ્રિલ-મે માસમાં થવાની સંભાવના

**9મી** એ જિલ્લા કલેક્ટર સાથે બેઠક બોલાવવાનું આયોજન

**રાજ્ય** ચૂંટણી આયોગ દ્વારા તમામ કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ બેઠક યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

રાજ્યમાં વડોદરા મહા નગર પાલિકા સહિતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને તૈયારીઓ તેજ બની છે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (SIR) પૂર્ણ થવા સાથે જ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી એપ્રિલ-મે માસ દરમિયાન યોજાય તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી દિવસોમાં તમામ જિલ્લા કલેક્ટરો સાથે બેઠક બોલાવી ચૂંટણી પ્રક્રિયા અંગે ચર્ચા કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ તારીખ 17 ફેબ્રુઆરી 2026ના રોજ થવાની શક્યતા છે. ત્યારબાદ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ જેવી કે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ માટેની ચૂંટણી પ્રક્રિયા આગળ વધશે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લાકક્ષાએ તમામ કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી ચૂંટણીની તૈયારીઓ, લોજિસ્ટિક વ્યવસ્થા અને મતદાન પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવશે. SIR બાદ તૈયાર થયેલી મતદાર યાદી આધારે નવા વોર્ડ અને બેઠકોની રચનાની પ્રક્રિયા પણ પૂર્ણ થવાની છે.

ચૂંટણી પંચના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે જરૂરી તમામ કામગીરી સમયસર પૂર્ણ કરવામાં આવશે. આ ચૂંટણીમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માટે મતદાન યોજાશે.

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોમાં પણ ગતિવિધિઓ તેજ બની છે. ઉમેદવારોની પસંદગી, સંગઠન મજબૂત કરવાની પ્રક્રિયા અને પ્રચારની રણનીતિઓ પર કામ શરૂ થઈ ગયું છે.

FSIના નિયમો અને સરકારી રેકોર્ડને આધારે રસ્તો પાલિકાને સોંપવાની રજૂઆત ફળી

# એલેમ્બિક સિટીનો માર્ગ ખુલ્લો મુકાયો ગેંડા સર્કલના ટ્રાફિકમાંથી કાયમી મુક્તિ

**કંપનીએ** બેરીકેડિંગ હટાવી વાહનચાલકો માટે માર્ગ ખુલ્લો કર્યો

(પ્રતિનિધિ) વડોદરાતા.6

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી એલેમ્બિક સિટીમાંથી પસાર થતા 18 મીટરના રસ્તાને લઈને છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલા વિવાદનો આખરે સુખદ અંત આવ્યો છે. લાંબી રજૂઆતો અને કાયદાકીય ગુંચવણો બાદ, આજથી આ રસ્તો જાહેર જનતા માટે પુનઃ ખુલ્લો મૂકી દેવામાં આવતા ગેંડા સર્કલથી શાસ્ત્રી બ્રિજ તરફ જતા હજારો વાહનચાલકો માટે આ નિર્ણય આશીર્વાદરૂપ સાબિત થશે. ગોરવા ઈનઓર્બિટ મોલની સામેથી પસાર થતો અને જ્યોતિ કંપની થઈને શાસ્ત્રી બ્રિજ તરફ નીકળતો આ 18 મીટરનો રસ્તો વાસ્તવમાં સરકારી ચોપડે નોંધાયેલો જૂનો 'નાળિયા રોડ' છે.

જાણવા મળતી વિગતો મુજબ, એલેમ્બિક કંપનીએ જ્યારે આ વિસ્તારમાં બાંધકામ કર્યું ત્યારે એફ.એસ.આઈ. મેળવવા માટે આ રસ્તાનો ઉલ્લેખ કર્યો હતો. નિયમ મુજબ, જ્યારે કોઈ પ્રોજેક્ટમાં એફ.એસ.આઈ. મેળવવામાં આવે, ત્યારે કામગીરી પૂર્ણ થયા બાદ તે રસ્તો સ્થાનિક પાલિકાને પરત સોંપવો પડે છે અને તેને ટી.પી. રોડ તરીકે જાહેર કરવો પડે છે. છેલ્લા કેટલાક સમયથી એલેમ્બિક કંપની દ્વારા આ રસ્તા પર ગેટ લગાવી દેવામાં આવ્યો હતો અને ચારે તરફ બેરીકેડિંગ કરી સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરી દેવાયા હતા. જેના કારણે સામાન્ય જનતાને આ રસ્તાનો ઉપયોગ કરતા અટકાવવામાં આવતા હતા. ગેંડા સર્કલ પાસે જ્યારે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય ત્યારે આ વૈકલ્પિક રસ્તો ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે, છતાં નાગરિકોને અહીંથી પસાર થવા દેવામાં આવતા નહોતા. આ મામલે સ્થાનિક પ્રતિનિધિઓ દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ કડક રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં સવાલ ઉઠાવવામાં આવ્યો હતો કે, જો આ રસ્તો સરકારી રેકોર્ડ પર છે, તો કંપની તેને કયા અધિકારથી બંધ રાખી શકે ? આગામી દિવસોમાં બરોડા ક્રિકેટ એસોસિએશન ની ચૂંટણીઓ પણ યોજાવાની છે, ત્યારે કોઈ નવો વિવાદ ઉભો ન થાય તે હેતુથી એલેમ્બિક કંપની દ્વારા ત્વરિત નિર્ણય લઈ આ માર્ગને વાહનચાલકો માટે ખુલ્લો મુકવાની જાહેરાત કરવામાં આવી છે.

# વર્ક પરમિટ વિઝાના બહાને રૂ.26.50 લાખ ઠગી લેનાર મહિલા ઝડપાઈ

**ક્રાઇમ** બ્રાન્ચે આજવા રોડ પરથી મહિલાને દબોચી ગોરવા પોલીસને સોંપી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વર્ક પરમિટ વિઝા બનાવી આપવાના બહાને 26.50 લાખની માતબર રકમ પડાવી લીધા બાદ કોઈ વિઝા નહી બનાવી આપી અને ખોટો લેટર આપી વિઝાનું કામ નહી કરી આપી ઠગાઈ કરવાના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર મહીલા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે તેના આજવા રોડના ઘરેથી ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસને સોંપવામાં આવી છે

વર્ષ 2024માં ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઠગાઈના ગુનામાં સંડોવાયેલી મહિલા આરોપી નંદનીબેન અજયરાવ શિંદે (રહે. ગણેશનગર (વિજયનગર) આજવા રોડ, વડોદરાનાઓ) ફરાર થઈ જતી હતી. દરમિયાન આ મહીલા સામે કોર્ટે વોરંટ ઈસ્યું કર્યું હોવાનું તેમજ આ મહીલાને નાસતી ફરતી હતી. ત્યારે મહીલા 6 ફેબ્રુઆરીના રોજ તેના આજવા રોડ વિજયનગર ખાતેના મકાને હાજર હોવાની માહીતી મળી હતી.

જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ મહીલા પોલીસને સાથે લઈને મહીલા આરોપીના ઘરે તપાસ કરી હતી. ત્યારે મહિલા આરોપી ઘરમાં હાજર હોય તેની દબોચીને ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશન સોંપાઈ છે.

મહિલાએ વર્ષ 2023માં યુવકને યુકે ખાતેના ત્રણવર્ષના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને તેમની પાસેથી રૂ. 21 લાખ પડાવી લીધા હતા. ઉપરાંત અન્ય પાસેથી રૂ. 5.50 લાખ મળી રૂ. 26.50 લાખ જેટલી માતબર રકમ લીધા બાદ પણ કોઈ વર્કપરમિટ વિઝા કઢાવી આપ્યાં ન હતા. જેથી મહિલા સાથે છેતરપીંડી ગુનો દાખલ થયો હતો. ક્રાઈમ બ્રાન્ચે આરોપી મહિલાને આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવી છે.

વડોદરામાં પ્રોફેશનલ મીટ, ઉદ્યોગકારો અને CA સાથે ચર્ચા

# બજેટ 2026-27 : 'જન વિશ્વાસથી જન કલ્યાણ'નો રોડમેપ: અનુરાગ ઠાકુર

**53.47 લાખ** કરોડનું બજેટ 'જન વિશ્વાસથી જન કલ્યાણ'નો દસ્તાવેજ

(પ્રતિનિધિ) વડોદરા. તા.6

કેન્દ્રીય બજેટ 2026-27ના પ્રચાર-પ્રસાર અંતર્ગત વડોદરાના આઈસીએઆઈ ભવન ખાતે કેન્દ્રીય મંત્રી અને સાંસદ અનુરાગ સિંહ ઠાકુરની વિશેષ ઉપસ્થિતિમાં પ્રોફેશનલ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેરના અગ્રણી ઉદ્યોગકારો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વ્યાવસાયિકો અને બૌદ્ધિક વર્ગે મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

બજેટ પર વિસ્તૃત વાત કરતા અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, 53.47 લાખ કરોડનું બજેટ 'જન વિશ્વાસથી જન કલ્યાણ'નો દસ્તાવેજ છે, જેમાં ખેતીથી લઈને ટેકનોલોજી સુધીના તમામ ક્ષેત્રોને સ્પર્શ કરવામાં આવ્યો છે. કેપિટલ એક્સપેન્ડિચર વધારીને 12.20 લાખ



કરોડ રૂપિયા કરવાથી રોજગારીની નવી તકો ઊભી થશે. તેમણે કહ્યું કે, આજે વિશ્વના કુલ ડિજિટલ પેમેન્ટમાંથી 50 ટકા ટ્રાન્ઝેક્શન ભારતમાંથી થાય છે, જે ભારતની ટેક શક્તિ દર્શાવે છે.

ઠાકુરે ગુજરાત માટે થયેલી મહત્વની જોગવાઈઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સુરત માટે નવો ફ્રેટ કોરિડોર, ગાંધીનગરમાં ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન હબ અને બાયોફાર્મા ક્ષેત્ર માટે 10,000 કરોડનું રોકાણ રાજ્યના વિકાસને નવી ગતિ આપશે.

**બજેટમાં આ બાબતોનો સમાવેશ**

- કુલ બજેટ : 53.47 લાખ કરોડ
- કેપિટલ એક્સપેન્ડિચર : 12.20 લાખ કરોડ
- MSME અને Make in Indiaને નવી ગતિ
- મહિલાઓના સશક્તિકરણ માટે 5 લાખ કરોડ
- AVGC, ગેમિંગ અને ક્રિએટિવ ઇન્ડસ્ટ્રીને ઉદ્યોગનો દરજ્જો

રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે, દેશની સુરક્ષા બાબતે કોઈ બેદરકારી સહન નહીં થાય. યુવા શક્તિ પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું કે, 2047 સુધી વિકસિત ભારતના નિર્માણમાં યુવાનો મુખ્ય ભૂમિકા ભજવશે.

# શાળાઓને ધો.10ના આંતરિક ગુણ અપલોડ કરવા શિક્ષણ બોર્ડનો આદેશ

**સમયમર્યાદામાં** ગુણ અપલોડ કરવામાં નિષ્ફળ જશે,તો શાળા સામે કડક કાર્યવાહી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાનાર ધોરણ 10ની પરીક્ષાઓને લઈને મહત્વપૂર્ણ સૂચના જાહેર કરવામાં આવી છે. બોર્ડની મુખ્ય પરીક્ષાઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આ સંદર્ભમાં વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકન તેમજ શાળા કક્ષાના વિષયોના ગુણ ઓનલાઈન પોર્ટલ પર ભરવાની પ્રક્રિયા શરૂ કરવા માટે શાળાઓને સૂચના અપાઈ છે.

બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ધોરણ 10ના તેમજ સંસ્કૃત પ્રથમાના પરીક્ષાર્થીઓના ગુણ ભરવા માટે 5 ફેબ્રુઆરી 2026 થી 21 ફેબ્રુઆરી 2026 સુધીનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. શાળાઓએ આ સમયગાળા દરમિયાન બોર્ડની સત્તાવાર વેબસાઈટ મારફતે ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. જો કોઈ શાળા નિર્ધારિત સમયમર્યાદામાં ગુણ અપલોડ કરવામાં નિષ્ફળ જશે તો તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. લોગ-ઈન પ્રક્રિયા માટે શાળાઓએ પોતાના ઈન્ડેક્ષ નંબર અને રજિસ્ટર્ડ મોબાઈલ નંબરના આધારે પ્રવેશ કરવો પડશે. પરીક્ષાર્થીની વિગતોમાં દરેક વિદ્યાર્થીના ગુણ તેમના નામ અને એપ્લિકેશન નંબર અનુસાર સચોટ રીતે ભરવા ફરજિયાત છે. વોકેશનલ વિષયોમાં જ્યાં સેક્ટર સ્કિલ કાઉન્સીલ દ્વારા માન્યતા પ્રાપ્ત વિષયો ચાલે છે તેવી શાળાઓએ પ્રાયોગિક મૂલ્યાંકનના 50 ગુણ પણ ઓનલાઈન નોંધવા પડશે.

આ માટે સંબંધિત કાઉન્સીલના પ્રતિનિધિ પાસેથી પ્રાપ્ત થયેલા ગુણની એન્ટ્રી કરવી જરૂરી છે. ગુણ ભરવાની પ્રક્રિયામાં જો કોઈપણ પ્રકારની ટેકનિકલ સમસ્યા અથવા અન્ય મૂંઝવણ ઊભી થાય તો શાળાઓ ગાંધીનગર ખાતે આવેલી બોર્ડની માધ્યમિક શાખાનો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરી શકશે છે.

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના પગલે ગરમી વધી, મહત્તમ પારો 31.8 ડીગ્રીએ

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

ઉત્તર પૂર્વથી પૂર્વ દિશામાં ફૂંકાઈ રહ્યા છે. વેસ્ટન ડીસ્ટર્બન્સના કારણે ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. ત્યારે હવે બેવડી ઋતુનો અનુભવ થવા લાગ્યો છે શુક્રવારે શહેરનું લઘુત્તમ તાપમાન 18 ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. જોકે મોડી રાત્રે ઠંડીનો અહેસાસ યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સથી ઠંડીનું પ્રમાણ ઘટી ગયું છે. છેલ્લા એક અઠવાડિયા થી ઠંડીનો પારો 15 થી 19 ડિગ્રીની વચ્ચે નોંધાઈ રહ્યો છે. જ્યારે દિવસે ગરમીનો પારો પણ 31 ડિગ્રી સુધી પહોંચી ગયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ 10 ફેબ્રુઆરી સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અને હવામાન શુષ્ક કરે છે. રાજ્યમાં હાલ ઉત્તર પૂર્વથી પૂર્વ દિશાના ફોટા રહ્યા છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આજથી 11 ફેબ્રુઆરી સુધી મહત્તમ તાપમાન 30 ડિગ્રીથી નીચે રહી શકે છે.

રિફાઇનરી રોડ સનાતનની સંઘર્ષ સમિતિની આગેવાનીમાં પો.કમિશનરને રજૂઆત

# હિન્દુ વિસ્તારમાં મદરેસા બનાવવાની હિલચાલ સામે રહીશોમાં નારાજગી

**ગોરવા-ઉંડેરા** રોડ પર ભૂમિ અતિક્રમણના કારણે સનાતનિઓમાં અશાંતિ અને ભયનું વાતાવરણ

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

ગોરવા-ઉંડેરા રોડ પર હિન્દુ સનાતનિઓમાં અશાંતિ અને ભયનો માહોલ ઉભો થયો છે. હિન્દુ રહેણાંક વિસ્તારમાં મદ્રેસા બનાવવાની હિલચાલ સામે વિસ્તારની રિફાઈનરી રોડ સનાતનની સંઘર્ષ સમિતિની આગેવાની હેઠળ સ્થાનિક લોકોએ એકત્ર થઈને ભૂમિ અતિક્રમણના વધતા વિષયો સામે શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરી છે.

વડોદરાના ગોરવા ઉંડેરા રોડ પર જય જલારામ નગરમાં ખાલી પડેલા બે પ્લોટમાં મદ્રેસા બનાવવાની હિલચાલ સામે વિસ્તારના હિન્દૂ લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. ભૂમિ અતિક્રમણના કારણે સનાતનિઓમાં અશાંતિ અને ભયનું વાતાવરણ ઊભું થયું છે. ત્યારે, ઉંડેરા રોડ પર સર્જાયેલી આ ગંભીર સમસ્યાને લઈ આજે સ્થાનિક સનાતનીઓએ રિફાઈનરી રોડ સનાતની સંઘર્ષ સમિતિના નેજા હેઠળ પોલીસ ભુવન ખાતે શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરી હતી. આગેવાન



શીતલ બેને જણાવ્યું હતું કે, ઉંડેરા ગામની આ સમસ્યા છે. બે પ્લોટ રાખવામાં આવ્યા છે. આ પ્લોટમાં જ્યારે સાફ-સફાઈ કામગીરી ચાલી રહી હતી. સ્થાનિક લોકો દ્વારા તે લોકોને પૂછ્યું કે આ તમે પ્લોટ રાખ્યો છે, તો તે લોકોએ હા આ પ્લોટ વેચાઈ ગયા છે અને આ વિસ્તારમાં બધા જ હિન્દુ લોકો વસવાટ કરે છે અને વિધર્મી જે પગ પેસારો કરી રહ્યા છે. એ ખરેખર ખોટું છે. આ વારંવાર ત્રીજી ચોથી આ પ્રકારની ઘટના થઈ રહી છે, પણ આની ઉપર પોલીસ તંત્ર સહિતનું કોઈ સરકારી તંત્ર ધ્યાન આપતું નથી. જેને લઈને અમે પોલીસ ભુવન ખાતે પોલીસ કમિશનરને રજૂઆત કરવા માટે આવ્યા હતા ? જો આ રજૂઆત બાદ કોઈ યોગ્ય નિરાકરણ કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

# ખાલી પડેલી DEO અને DPEOના પદ માટે ભરતીની જાહેરાત કરાઈ

**દિવ્યાંગ** ઉમેદવારો માટેની અનામત બેઠકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો

**આગામી** દિવસોમાં પરીક્ષાની તારીખો અને અન્ય વિગતવાર માહિતી વેબસાઇટ પર મુકાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્યના શિક્ષણ વિભાગમાં ખાલી પડેલી ઉચ્ચ કક્ષાની જગ્યાઓ ભરવા માટે જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયા હેઠળ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમકક્ષ વર્ગ-1 ના પદો પર નિમણૂક કરવામાં આવશે.

જીપીએસસી દ્વારા કરાયેલી આ જાહેરાતમાં ખાસ કરીને દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામત બેઠકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જે અંતર્ગત લાયકાત ધરાવતા દિવ્યાંગ ઉમેદવારોને રાજ્યના શિક્ષણ વહીવટી માળખામાં ઉચ્ચ હોદ્દા પર સેવા આપવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે. આ ભરતીને પગલે શિક્ષણ વિભાગમાં લાંબા સમયથી ખાલી પડેલી વર્ગ-1 ની જગ્યાઓ ભરાશે, જેનાથી વહીવટી કામગીરીમાં વધુ ગતિ અને પારદર્શિતા આવશે.

જીપીએસસી દ્વારા બહાર પાડવામાં આવેલી આ સત્તાવાર જાહેરાત મુજબ, યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો નિર્ધારિત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરી શકશે. આ ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે આયોગ દ્વારા સ્પષ્ટ દિશાનિર્દેશો પણ જાહેર કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પરીક્ષાની તારીખો અને અન્ય વિગતવાર માહિતી આયોગની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ન્યુમોનિયા સમજીને અનેક ઠેકાણે સારવાર કરાવી છતાં સુધારો નહીં, જટિલ બ્રોન્કોસ્કોપી દ્વારા બાળકની પીડાનો અંત આવ્યો

# ન્યુમોનિયા નહીં, શ્વાસનળીમાં LED બલ્બ! ગોત્રી તબીબોની કરામત

**દોઢ** મહિના સુધી મોત સામે ઝઝૂમતા માસૂમનો જીવ બચી જતાં પરિવારની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.6

કહેવાય છે કે 'ડોક્ટર એ પૃથ્વી પર ભગવાનનું બીજું રૂપ છે'. આ ઉક્તિને વડોદરાની જી.એમ.ઈ.આર.એસ. ગોત્રી હોસ્પિટલના તબીબોએ ફરી એકવાર સાર્થક કરી બતાવી છે. આણંદ જિલ્લાના માલસર ગામના એક વર્ષના માસૂમ બાળકના ગળામાં ફસાયેલો નાનકડો LED બલ્બ અત્યંત જટિલ ઓપરેશન દ્વારા બહાર કાઢી તબીબોએ તેને નવજીવન આપ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, માલસર ગામના આ પરિવારના એક વર્ષના



બાળકને છેલ્લા દોઢ મહિનાથી સતત તાવ, ખાંસી અને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ થઈ રહી હતી. પરિવારે અનેક ખાનગી હોસ્પિટલોના ઉંબરા ઘસ્યા હતા, જ્યાં પ્રાથમિક તપાસમાં બાળકને 'ન્યુમોનિયા' હોવાનું જણાવી તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે, લાંબી સારવાર બાદ પણ બાળકની સ્થિતિમાં કોઈ સુધારો ન આવતા માતા-પિતા ચિંતિત બન્યા હતા અને અંતે તેને વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો.

ગોત્રી હોસ્પિટલના ENT કાન-નાક-ગળા વિભાગની ટીમે બાળકની ગંભીરતા જોઈ તાત્કાલિક વિગતવાર તપાસ હાથ ધરી હતી. વિવિધ રિપોર્ટ્સ અને એક્સ-રે તપાસ દરમિયાન તબીબોને બાળકની જમણી શ્વાસનળીમાં કોઈ અજાણી વસ્તુ ફસાઈ હોવાની આશંકા જઈ હતી. આ વસ્તુ શ્વાસના માર્ગમાં અવરોધ ઊભી કરતી હોવાથી બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી.

5 ફેબ્રુઆરીના રોજ બાળકની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી તેને જનરલ એનેસ્થેસિયા હેઠળ લઈ જટિલ બ્રોન્કોસ્કોપી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઓપરેશન દરમિયાન જ્યારે તબીબોએ બાળકની શ્વાસનળીમાંથી વસ્તુ બહાર કાઢી ત્યારે તેઓ પણ સ્તબ્ધ રહી ગયા હતા. બાળકની શ્વાસનળીમાં એક નાનકડો LED બલ્બ ફસાયેલો હતો. નાનકડા

**30 વર્ષના અનુભવમાં આ પહેલો કિસ્સો**

ઓપરેશન દરમિયાન બાળકની શ્વાસનળીમાંથી આશરે 1 સેન્ટિમીટર જેટલો આખો એલઈડી બલ્બ મળી આવ્યો હતો, જેનો માત્ર 2 મિલીમીટર જેટલો ભાગ જ દેખાતો હતો કારણ કે તેના પર ચામડી આવી ગઈ હતી. મારા 30 વર્ષના અનુભવમાં આ પહેલો કિસ્સો છે જેમાં આટલા નાના બાળકની શ્વાસનળીમાંથી આવો એલઈડી બલ્બ નીકળ્યો હોય. - **ડો.હિરેન સોની,** ENT સર્જન

બાળકની સાંકડી શ્વાસનળીમાંથી આ બલ્બ કાઢવો એ મોટું જોખમ હતું, પરંતુ ડો. સોનીની કુશળતાને કારણે આ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

વીજ કંપનીના મેન્ટેનન્સને કારણે પાણી વિતરણ સમયમાં ફેરફાર

# વીજ કાપને પગલે આજે ગાજરાવાડી અને પાણીગેટ વિસ્તારમાં પાણી કાપ

(પ્રતિનિધિ) વડોદરા. તા.6

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના પૂર્વ વિસ્તારના રહીશોને જણાવવામાં આવે છે કે, શનિવારે MGVCL (વીજ કંપની) દ્વારા મેન્ટેનન્સ માટે શટડાઉન લેવામાં આવ્યું છે. આ શટડાઉનને કારણે ગાજરાવાડી અને પાણીગેટ ટાંકી હેઠળ આવતા વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થા પર અસર પડશે. ગાજરાવાડી ટાંકી અને પાણીગેટ ટાંકી હેઠળના તમામ ઝોનમાં વીજ કાપને કારણે નિયમિત પાણી વિતરણના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. MGVCL ની કામગીરી પૂર્ણ થયા બાદ જ્યારે પાણી વિતરણ શરૂ કરવામાં આવશે, ત્યારે સમગ્ર વિસ્તારમાં પાણી કાપ રહેશે અથવા હળવા દબાણ (લો-પ્રેશર) થી પાણી મળશે.

**આ વિસ્તારોમાં વીજકાપ રહેશે**

1) **સવારે 5:00 થી 5:50 સુધી :** શહેર વાડી વિસ્તાર, વાડી ટાવર, જહાંગીર પુરા, લાડવાડા, વાડી શાક માર્કેટની આસપાસનો વિસ્તાર, પાણીગેટ થી માંડવી વિસ્તાર, મેમણ કોલોની વિસ્તાર, આજવા રોડ મહાવીર ચાર રસ્તા સુધી, અમન સોસાયટી વિસ્તાર, પાણીગેટ ટાંકીની પાછળનો વિસ્તાર જેવા કે કોટયાર્ક નગર, ગોવિંદરાવ પાર્ક, બાવચાવાડ, જુની વોર્ડ ૯ ઓફિસ, વગેરે.

2) **સવારે 5:50 થી 6:40 સુધી :** એમ.જી.રોડ થી પથ્થર ગેટ તરફનો વિસ્તાર, ઘડીયાળી પોળ, પ્રતાપ નગર, દત્ત નગર, ભરત વાડી ચાર રસ્તા, ગંગોત્રી અપાર્ટમેન્ટની આસપાસનો વિસ્તાર, વિહાર ટોકીઝથી ચોખંડી, બરાનપુરા થી માર્કેટ ચાર રસ્તા સુધીનો વિસ્તાર.

3) **સવારે 6:30 થી 7:00 સુધી** : કિશનવાડી ગધેડા માર્કેટ, નવજીવન, ગુ.હા.બોર્ડ, રાવપુરા વગેરે વિસ્તાર, અલ્પના ટોકીઝ તરફનો વિસ્તાર, વાડી નવગ્રહ મંદિર તરફનો વિસ્તાર.

નોંધ :- MGVCL નું શટડાઉન પૂર્ણ થયા બાદ ગાજરાવાડી અને પાણીગેટ ટાંકીથી સાંજના સમયના તમામ ઝોનમાં પાણી કાપથી તેમજ હળવા દબાણથી આપવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.